**<u>ધરમપુરના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.ધરમપુર.</u>**

**ક્રિમીનલ કેસ નં.૧૧૨૯/૨૦૨૬** **આંક :**

**ફરિયાદી :– નામદાર શ્રી સરકાર.**

**<u>વિરૂદ્ધ</u>**

**આરોપી :– દક્ષાબેન આનંદભાઇ કાહડોળીયા.**
**રહેવાસી :– હનમતમાળ, પારસ ફળીયા, તા. ધરમપુર, જિ. વલસાડ.**

## <u>ગુનો :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એએ)...</u>

## <u>–:: ચુ કા દો ::–</u>

(૧) આ કામે આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એએ) મુજબનો ગુનો ધરમપુર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ અને ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ તેમના વકીલશ્રી સાથે હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફ્ત આપ્યાની ખાત્રી કરી આરોપી ગુનો કબુલ કરવા બંધ્ધાયેલ નથી તેમ સમજાવતા છતાં પણ તેઓએ સ્વૈચ્છીક રીતે પોતાનો પ્રથમ ગુનો હોવાનું જણાવેલ અને ગુનો કબુલ કરવા અંગેની ગુના કબુલાત પુરસીસ આપેલ તથા પ્લી નોંધેલ જેમાં તેઓએ ગુનો કબુલ રાખેલ આરોપીની સ્વૈચ્છીક કબુલાતને ના માનવાને કોઈ કારણ નથી.

(૩) એ.પી.પી. હાજર છે અને જણાવે છે કે, આરોપી સ્વેચ્છાએ કબુલાત કરતા હોય તેનો પહેલો ગુનો હોય તો તેમને કોઈ વાંધો નથી. વધુમાં જણાવે છે કે, **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદમાં** નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો વાંધો નથી.

(૪) આ કેસની હકીકત, સંજોગો તથા આરોપીની કબુલાત જોતાં તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાતરી આપતા હોય અને આરોપીનો આ પ્રથમ ગુનો હોય, ભવિષ્યમાં તેનાથી આવા પ્રકારનો ગુનો નહી થાય તેની તકેદારી રાખવાનું જણાવે છે. વધુમાં ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લઈ નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો વાંધો નહી હોવાનું આ કોર્ટનું માનવું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: હુ ક મ ::</u>

– આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ હેઠળ **<u>પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(એએ)</u>** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

– પ્રોહી. મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ વાહન કે મોબાઇલ કે અન્ય સાધન કબજે કરેલ હોય તો તે મુદ્દામાલ તેના માલિકની ખરાઇ કરી પરત સો પવાનો હુકમ કરવામાં આવે છે અને જો વચગાળાનો કોઇ હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૧, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ધરમપુર.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

**(પી. આર. ધનખડ)**
જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ,
ધરમપુર.(GJ01671)